

# સોડાવનાર


ન્યાયધીશો. 1-3;6-8




યહોશુઆ મત જીયા ફસી ઈઝ્રાયલીએ દેવા આજ્ઞા માનતે નીથે અન તિંહ બાકી રત જીને કનાનીહાંન બાર કાઢીત મીક્યે ની. અન દેવા નિયમા પાલન કયો ની. ઈઝ્રાયલીહં હાચ્ચા દેવ પરભુઆ ભજન કના બદલ કનાનીહાં દેવા ભજન (પૂજા) કયો. ઈઝ્રાયલીહાં રાજા નતા. ઈત બદે તિહાંન જી હારો લાગ્યો તી કત્ને.




ઈઝ્રાયલીહં દેવા નિયમ પાળયા ની ઈત તિય તિંહાં દુશ્મનહાન તિંહા ઉપ વિજય અપાવ્યા. અન તિહાંન શિક્ષા કયી. આય દુશ્મને ઈઝ્રાયલીહાં વસ્તુ ચોરીત જાત્ને અન તિહાં મિલકના નાશ કત્ને અન જબર માહાંન માત નાખ્તને. જબર વરહા હુદિ તિંહ દેવા આજ્ઞા માની ની તાંય ફસી તિ દુશ્મનાહાંથી દબાયને રયે ફસી ઈઝ્રાયલીહં પસ્તાવા કયા અન તિંહા છુટકારા હારૂં દેવાન પારથના કઈ.




તાંહાં દે'વ તિહાંન દુશ્મ્નાહાં આથામથી બચાવના હારૂ સોળાવનારાન મોકનીત આપ્યા. અન તિંહા દેશામ શાન્તિ લાવ્યા. પન તાંય ફસી, માંહે દેવાન ફાસે વિહરાત જીયે. અન ફાસે મૂર્તિપૂજા ક્નુ માંડ્યે. ઈત દેવ મિદ્યાનીહાંન તિંહા ઉપ લાવ્યા, કે તિ તિહાંન અરાવય.




મિદ્યાનીયે ઈઝ્રાયલીહાં બદા પાક હાત વરહ હુદિ નેત જીયે, ઈઝ્રાયલીયે બી ઘબરાયને અતે. તિ ગુફાહામ હતાત રતને. ઈત કે મિદ્યાનીયે તિહાંન હોદિત ની શકય. છેન્ન તિંહ છુટકારા હારૂ દેવાન પોકાર કયા.




એક દિહ ગિદિયોન નામા એક ઈઝ્રાયલી ભાયળા હતાતન ઘંઉ ઝુળતના ઈત કે મિદ્યાનીયે તિહાંન ચોરીત ની જાય. તાંહાં દેવા દૂત આવિત્ન ગિદિયોનાન કયો, "ઓ પરાક્રમી શુરવિર, દેવ તો હાતી સય. જ અન ઈઝ્રાયલીહાંન મિદ્યાનીહાં આથામથી સોળાવ."




ગિદિયોના બાયસા પાહ એક વેદિ અતી. જે મૂર્તિહેથી પોયની અતી દે'વ ગિદિયોનાન કયો કે તે વેદેન ચિરીત નાખય. પન ગિદિયોનાન માંહા બીક લાગી. અન તિય રાત વના હુદિ વાટ પાલી તાંય ફસી તિય તે વેદિન ચિરીત નાખી અન તિયે કુટકા કત નાખ્યા. તિય તે જગ્યા બાજુમી જાંય મૂર્તિ હારૂ અર્પણ ચળાવના આવત્નો તાંય તિય નવી વેદિ બાંધી.




બીજ દિહ માંહ પાલ્યો કે કળ વેદિન તોળીત નાખ્હી. અન તિયે નાશ કયહા તાંહાં માંહે ઝંઝવાયે. તિ ગિદિયોના ક તિયાન માત નાખના હારૂ જીયે. પન ગિદિયોના બાયસ તિહાન કયો, "કા કના તુમી તુમા દેવાન બચાવના પ્રયત્ન કત્હે? જો તો દેવ સય ત તિયાન પોતાન પોતા રક્ષા કના દિયા." તિય ઈહનો કયો ઈત માહ ગિદિયોનાન માત નાખ્યા ની.




તાંય ફસી ફાસે મિદ્યાનીયે ઈઝ્રાયલીહાંન લુટના હારૂ ફાસે આલે. તિ ઈતે બદે અતે કે તિંહા ગણતરી વત શકય ની. ગિદિયોન ઈઝ્રાયલીહાંન તિંહા હામી વિડાના હારૂ ટોલો કયે. ગિદિયોન દેવાન બેન નિશાનીયા આપ્ના કયો. ઈત તિયાન ખાતરી વય કે દેવ તિયાન ઈઝ્રાયલીહાંન બચાવના હારૂ ઉપયોગ કય.




પેલ્લી નિશાની ગિદિયોન નુગળો નેત્ન તિયાન બાર જમીનેપ મીક્યો. અન દેવાન કયો કે અંદારામ આય નુગળા ઉપ જ ચાકલો પળય અન જમીનેપ ની, દેવ તેવ કયો. બીજી રાત તિય દેવાન કયો કે જમીન પીગલનું જોવય, પન નુંગળો ની. અન દે'વ તિ બી કયો. આય બેન નિશાનહે ગિદિયોનાન ખાતરી અપાવી કે દેવ ઈઝ્રાયલીહાંન મિદ્યાનીહાં આથામથી બચાવના માંગહય.




૩૨,૦૦૦ ઈઝ્રાયલી સૈનિકે ગિદિયોના પાંહ આલે. પન દે'વ તિયાન કયો કે તી જબરે બદે સય .ઇત ગિદિયોન ૨૨,૦૦૦ માંહે કે જી વિડાનાથી બિત્ને તિહાંન ફાસે ક મોકન્યે. દે'વ ગિદિયોનાન કયો કે અજુ બી માંહે વદાર સય. ઈત ગિદિયોન ૩૦૦ સૈનિકા સિવાય બદહાન ફાસે ક મોકનીત દેદે.




તી રાતી દે'વ ગિદિયોનાન કયો, "એઠ મિદ્યાનીહાં છાવણીમ જ અન જાંહાં તુ તિ જી કથહે તિ ઉનાહ તાહા તું જબરા ગભરાતા ની." ઈત તી રાતી ગિદિયોન છાવણીમ જીયા અન એક મિદ્યાની સૈનિકાન, તિયા ભાઈબંધાન, તિય જી હીમણા પાલીના તિયા વિષ કતા ઉનાતયો, તે માંહા ભાઈબં'ધ કયો, "આય હીમણા અર્થે સય કે ગિદિયોના સૈના મિદ્યાનીહાં સૈનાન અરાવી !" જહાં ગિદિયોન આય ઉનાયો તાંહાં તિય દેવા સ્તુતી કઈ.




તાંય ફસી તો પોતા સૈનિકહાં પાહ ફાસા જીયા અન તિંહ તિયા રણશિંગળો, કાદવા માટલે ન ખળિયા આપ્યા. તિંહ મિદ્યાની સૈનિકે જાંય હુવત્ને તે જગ્યાન (છાવણી) કેરીત નેદી. ગિદીયોના ૩૦૦ સૈનિકહાં પાંહ માટલામ  ખળિયા અતા. ઈત કે મિદ્યાનીએ ખળિયા ઉજ્જવળ પાલીત શક્યે ની.



તાંહાં ગિદીયોના સૈનિકહ એક્કી હાથી માટલે ફોળીત નાખયે. અન અચાનક ખળિયા ઉજ્જવળ કિકનાનુ માંડ્યો. તિહં પોતા રણશિંગળો ફૂક્યો, અન વડ અવાજ કયો. યહોવા અન ગિદીયોના તરવાઇ.



દેવ મિદ્યાનીહાંન ગુચવળમી મિકીત દેદે. ઈત તિહં એક બીજાન માત નાખના અન હુમલા કના હારૂ શરૂઆત કત દેદિ. તરત બાકીને ઈઝ્રાયલીહાંન તિહાં ક મીથી હાદના આલે. એ હારૂ કે તિ મિદ્યાનીહાં ફાસલ પળય.તિહં તિહાંમ મરે જબરાહાંન માત નાખ્યે, અન બાકી હાંન ઈઝ્રાયલીહાં તરતે ઊપ થી નહાળિત મીક્યે. અન તિહાં ફાસ પળ્યે. ૧,૨૦,000 મિદ્યાનીયે તે દિહ મયે. દે‘વ ઈઝ્રાયલાન બચાવ્યો.



૧
માંહે ગિદીયોનાન તિહાં રાજા બનાવના માંગત્ને. ગિદીયોન તિહાંન ઈહનો કના દેદો ની, પન તિય તિહાંન હોના જી બુટ્ટીયા મિદ્યાનીહાં પાંહથી નેત નેદને તિ નેત અવના કયો. માંહ ગિદીયોનાન જબરો હોનો આપ્યો.



તાંહાં ગિદીયોન તે હોના ઉપયોગ ખાસ પ્રકારા નુગળે કે જી મુખ્ય સેવક પેરહય તિ બનાવના કયો. પન માંહ તિયાન મૂર્તિ જેવ પૂજના ચાલુ કયો. દે'વ ફાસી ઈઝ્રાયલીહાંન શિક્ષા કઈ. કેવ કે તિ મૂર્તિહેં ભજન કત્ને. દેવ તિંહા દુશ્મનાહાન તિહાન હરાવના પરવાનગી આપી. અન છેન્ન તિંહ ફાસી દેવા પાંહ મદદ માંગી અન દેવ તિહાંન સોળાવનાર તરીક બીજ કળાન મોકનિત આપ્યા.



આય બાબત વારઘળીયે બનતી રયી. ઈઝ્રાયલીયે પાપ કત્ને, દેવ તિહાન શિક્ષા કત્ના. તિ પસ્તાવા કત્ને, ન દેવ તિહાન સોળાવના હારૂ સોળાવનાર મોકનત્ના. જબર વરહ હુદિ દેવ ઈઝ્રાયલીહાન તિંહા દુશ્મનહાં આથામથી સોળાવના હારૂ સોળાવનાર મોકનિત આપ્યા.



છેલ્ન માંહ દેવા પાહ રાજા માંગ્યા. જેવ બીજ દેશહા પાંહ અતા તેવ તિ ઊંચા અન હોબ્દા રાજા માંગત્ને. જી તિહાંન યુદ્ધમી આગેવાની આપય. દેવાન તિંહા આય વિનંતી ગમી ની. પન તિંહ જેવ રાજા માંગણી કયની તેવ તિય તિહાંન રાજા આપ્યા.